BRAMPTON **Service and Information Update**

# બ્રેમ્પટન સીટી હોલમાં ફેબ્રુઆરી 16 થી 19 સુધી કામકાજના કલાકો લંબાવવામાં આવ્યા માત્ર એપોઇન્ટમેન્ટથી

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (ફેબ્રુઆરી 11, 2021) – સીટીએ રહેવાસીઓ અને ધંધાઓ માટે પોતાનો વેરો ભરવા સીટી હોલ પર નીચેની તારીખોએ કામકાજના કલાકો લંબાવ્યા છે:

- મંગળવાર, ફેબ્રુઆરી 16, સવારે 8:30 થી સાંજે 6 વાગ્યા સુધી
- બુધવાર, ફેબ્રુઆરી 17, સવારે 8:30 થી સાંજે 6 વાગ્યા સુધી
- ગુરુવાર, ફેબ્રુઆરી 18, સવારે 9 થી બપોરે 4 વાગ્યા સુધી
- શુક્રવાર, ફેબ્રુઆરી 19, સવારે 9 થી બપોરે 4 વાગ્યા સુધી

સીટી હોલમાં મિલકત વેરો ચૂકવવા, રહેવાસીઓએ સીટી ઓફ બ્રેમ્પટનની વેબસાઈટ પર એપોઇન્ટમેન્ટ અગાઉથી બુક કરાવવી રહી. રોકડ ચૂકવણી સ્વીકારવામાં આવશે નહીં.

મિલકત વેરો ભરવાની નિયત તારીખો અહીં જોઇ શકાય છે.

રહેવાસીઓને આ સમયે યાદ અપાવવામાં આવે છે કે, સીટીની કોર્પોરેટ સગવડોમાં મુલાકાત લેવા માટે એપોઇન્ટમેન્ટ્સ લેવી અનિવાર્ય છે. માત્ર ચોક્કસ સેવાઓ રૂબરૂમાં ઉપલબ્ધ છે.

આરોગ્ય અને સુરક્ષાને ધ્યાનમાં લેતા, રહેવાસીઓને શક્ય હોય ત્યારે સર્વિસીસ સુધી ઓનલાઇન કે અન્ય વિકલ્પો મારફતે પહોંચવાનું કહેવામાં આવે છે. મિલકત વેરો ચૂકવવાની સંખ્યાબંધ વૈકલ્પિક સુરક્ષિત અને અનુકૂળ રીતો આ પ્રમાણે છે:

- પહેલેથી અધિકૃત વેરો ચૂકવણી યોજના (પ્રિ-ઓથોરાઇઝ્ડ ટેક્સ પેમેન્ટ પ્લાન)
- બેંક કે અન્ય નાણાકીય સંસ્થામાં
- નાણાકીય સંસ્થાઓ મારફતે ઇન્ટરનેટ/ટેલિફોન બેંકિંગ
- ચેક્સ સીટી હોલમાં સ્થિત ડ્રોપ બોક્સમાં જમા કરાવવા

એપોઇન્ટમેન્ટ બુકિંગ્સ કે મિલકત વેરો ચૂકવણીઓના સંબંધમાં પ્રશ્નો માટે, 24/7 સહાયતા મેળવવા કૃપા કરી 311 નંબર પર કૉલ કરો અથવા 311@brampton.ca ને ઈમેઈલ મોકલો.

-30-

**મિડિયા સંપર્ક :**

મોનિકા દુગ્ગલ (Monika Duggal)

કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ

વ્યૂહાત્મક સંવાદ

સીટી ઓફ બ્રેમ્પટન

905-874-3426 | Monika.Duggal@brampton.ca